# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશના યુવાનો ઉદ્યોગ સાહસિક બને તે માટે સરકાર નવીનતા અને ઈન્ક્યૂબેશન કેન્દ્રો વધારી રહી છે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વડનગર ખાતે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

3) પેટ્રોલિયમ નિકાસકાર દેશના સંગઠન- ઓપેકે વર્ષ 2026માં તેલની વૈશ્વિક માગમાં પ્રતિદિન 14 લાખ 30 હજાર બેરલ વૃદ્ધિનું અનુમાન લગાવ્યું

4) અમેરિકાએ ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર સહિત ત્રણ ભારતીય સંસ્થાઓ પર લગાવેલો પ્રતિબંધ હટાવી લીધો

5) શોર્ટ સેલિંગ માંટે જાણીતી કંપની હીંડનબર્ગ ને બંધ કરવામાં આવી

6) પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ‘સંસ્કૃતિ કા મહાકુંભ’નો પ્રારંભ થશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM START UP INDIA

સમગ્ર દેશ આજે સ્ટાર્ટ-અપ ઇન્ડિયાની નવમી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયાના એક સંદેશમાં લખ્યું કે, સરકારે દેશમાં સ્ટાર્ટ-અપ સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું છે. આ પરિવર્તનલક્ષી પહેલના કારણે ગત નવ વર્ષમાં અસંખ્ય યુવાનો સશક્ત થયા છે અને તેમના નવા વિચારોને સફળ સ્ટાર્ટ-અપમાં ફેરવ્યા છે.

શ્રી મોદીએ કહ્યું, સરકારની નીતિઓએ 'ધંધામાં સરળતા' પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સંશાધનો સુધી વધુ પહોંચ સુનિશ્ચિત કરી છે. તેમજ દરેક તબક્કાએ સ્ટાર્ટ-અપનું સમર્થન કર્યું છે. તેમણે કહ્યું, સરકાર નવીનતા અને ઇન્ક્યૂબેશન કેન્દ્રોને સક્રિય રીતે વધારવા જઈ રહી છે, જેથી દેશના યુવાનો જોખમ ઉઠાવનારા બને. શ્રી મોદીએ લખ્યું, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા કાર્યક્રમની સફળતા દર્શાવે છે કે, આજે દેશ પ્રગતિશીલ, આત્મવિશ્વાસી અને ભવિષ્ય માટે તૈયાર છે.

# VADNAGAR AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વડનગરમાં વિવિધ યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. અનંત અનાદી વડનગરના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે વિવિધ વિકાસ પરિયોજનાઓં લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં હાજરી આપી હતી. અને ₹298 કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ચાર માળનું મ્યુઝિયમ લગભગ 12 હજાર 500 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ મ્યુઝિયમના મકાનમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી 5000થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના 2500 વર્ષના ઇતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે

કેન્દ્રીય ગૃહમંત્રીએ 72 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 'પ્રેરણા સંકુલ'ને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. 'પ્રેરણા સંકુલ' એ વડનગરની ઐતિહાસિક પ્રાથમિક શાળાની ઇમારતના નવીનીકરણ માટેની એક પહેલ છે. 1888માં સ્થાપિત થયેલા આ જ શાળામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

શ્રી અમિત શાહે 33 કરોડ 50 લાખ રૂપિયાનાં ખર્ચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી શાહ બપોર પછી ગવર્નમેન્ટ કોલેજ ખાતે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે. ત્યારબાદ હાટકેશ્વર મંદિરમાં દર્શન અને પૂજા કરશે.શ્રી શાહ આજે મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગ્લોર, હૈદરાબાદ, કોચ્ચી અને અમદાવાદ હવાઈમથક પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન- ટ્રસ્ટેડ ટ્રાવેલર કાર્યક્રમનો પ્રારંભ કરાવશે.

# OPEC OIL DEMAND

પેટ્રોલિયમ નિકાસકાર દેશના સંગઠન- ઓપેકે વર્ષ 2026માં તેલની વૈશ્વિક માગમાં પ્રતિદિન 14 લાખ 30 હજાર બેરલ વૃદ્ધિનું અનુમાન લગાવ્યું છે. સંગઠને આ વર્ષે તેલની વૈશ્વિક માગમાં 14 લાખ 50 હજાર બેરલ પ્રતિદિનની વૃદ્ધિનું અનુમાન યથાવત્ રાખ્યું છે.

ઓપેકે એક અહેવાલમાં જણાવ્યું કે, આવતા વર્ષ માટેનું અનુમાન એશિયા અને અન્ય બિન-આર્થિક સહકાર સંગઠન દેશમાં ચાલી રહેલી આર્થિક પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. ઓપેકે જણાવ્યું કે, આ વર્ષે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં 3.1 ટકા અને આવતા વર્ષે 3.2 ટકાના દરથી વૃદ્ધિ થઈ શકે છે.

# SINGAPORE PREZ-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં સિંગાપોરના રાષ્ટ્રપતિ થરમન શનમુગરત્નમનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતાં સિંગાપોરના રાષ્ટ્રપતિએ ગુજરાતના ગિફ્ટ સિટી અને સિંગાપોર વચ્ચે નાણાકીય સંસ્થાઓ માટે ડેટા કોરિડોર અને બંને દેશો વચ્ચે બીજા નવીનીકરણીય ઉર્જા કોરિડોરની શક્યતા પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે બંને દેશો હવે આ સક્રિય સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં વધારવા અને સેમિકન્ડક્ટર, નવી પેઢી અને નેટ ઝીરો ઔદ્યોગિક પાર્કમાં સહકાર અને ઉત્પાદનને આગળ વધારવા જેવી નવી પહેલો અંગે વિચારી રહ્યા છે.

તેમણે 1965માં સિંગાપોરની સ્વતંત્રતાને માન્યતા આપનારા પ્રથમ થોડા દેશોમાંથી ભારત પણ એક દેશ હતો તે વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# ISRO SPADEX

ભારતે અવકાશ ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.. ભારતીય અવકાશ સંશોધન સંગઠન ઇસરોએ ગુરુવારે સવારે બે ઉપગ્રહોને સફળતાપૂર્વક અવકાશમાં લોન્ચ કરીને ઇતિહાસ રચ્યો હતો. આ સંપૂર્ણપણે સ્વદેશી ભારતીય ડોકિંગ સિસ્ટમ છે. આ સફળતા સાથે જ ભારતીય અંતરિક્ષ સ્ટેશન, ચંદ્રયાન 4 અને ગગનયાન હિતના મહત્વાકાંક્ષી ભવિષ્યના મિશનના સરળ સંચાલનનો માર્ગ મોકળો થયો છે.આ સાથે, ભારત અમેરિકા, રશિયા અને ચીન પછી આ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો ચોથો દેશ બન્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US SANCTION

અમેરિકાએ ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર સહિત ત્રણ ભારતીય સંસ્થાઓ પર લગાવેલો પ્રતિબંધ હટાવી લીધો છે. અન્ય 2 કંપનીઓમાં ઇન્ડિયન રેર અર્થ્સ અને ઇન્દિરા ગાંધી પરમાણુ સંશોધન કેન્દ્ર સામેલ છે. અમેરિકાની ઉદ્યોગ અને સલામતી કચેરીએ જણાવ્યું કે, શીતયુદ્ધ દરમિયાન લગાવાયેલો આ પ્રતિબંધ અમેરિકાની વિદેશ નીતિ લક્ષ્યાંકોને અનુરૂપ હટાવવામાં આવ્યો છે. આ નિર્ણયથી પરસ્પર ઊર્જા સલામતી જરૂરિયાતોમાં સહકાર વધશે. તેમ જ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં સંયુક્ત પ્રયાસને પ્રોત્સાહન મળશે.

અમેરિકાએ જણાવ્યું કે, અત્યારના વર્ષોમાં ભારત અને અમેરિકાએ શાંતિપૂર્ણ પરમાણુ સહકાર અને સંબંધિત સંશોધન પ્રવૃત્તિઓમાં સહકાર વધાર્યો છે. આનાથી વૈશ્વિક સ્તરે ભાગીદાર દેશને પણ લાભ થયો છે.

# HINDENBURGE SHUT DOWN

શોર્ટ સેલિંગ પ્રવૃત્તિઓ માટે જાણીતી હિંડનબર્ગ રિસર્ચને  સ્થાપક  નેટ એન્ડરસન દ્વારા બંધ કરવામાં આવી છે. ભારત સ્થિત  અદાણી જૂથ પર વ્યાપક વિવાદાસ્પદ અહેવાલ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એન્ડરસને બંધ થવાનું કોઈ ચોક્કસ કારણ જણાવ્યું ન હતું, પરંતુ કહ્યું હતું કે તે વ્યક્તિગત નિર્ણય છે અને સંગઠનના અન્ય સભ્યો વિવિધ કારકિર્દી વિકલ્પો અપનાવશે

. . . . . . . . . . . . . . . .

# SANSKRUTI KA MAHAKUMBH

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'સંસ્કૃતિ કા મહાકુંભ'નો પ્રારંભ થશે. તે અંતર્ગત પ્રખ્યાત કલાકારોની મનમોહક પ્રસ્તુતિઓથી ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરા દર્શાવવામાં આવશે. મુખ્ય મંચ ગંગા પંડાલ ખાતે યોજાનારા આ કાર્યક્રમનો શુભારંભ પ્રખ્યાત ગાયક શંકર મહાદેવનની વિશેષ પ્રસ્તુતિથી થશે.

યમુના અને સરસ્વતી પંડાલોમાં પણ આજે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જ્યારે ત્રિવેણી પંડાલમાં 21 જાન્યુઆરીથી કાર્યક્રમોનો શુભારંભ થશે. મુખ્ય ગંગા પંડાલમાં દસ હજાર દર્શકો માટે સુવિધાયુક્ત વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રયાગરાજનો મહાકુંભ સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા સાથે સાથે પર્યાવરણ સંરક્ષણની સશક્ત ઓળખ બની રહ્યો છે. પ્રયાગરાજ આ મહિનાની 31મી તારીખે હરિત મહાકુંભની યજમાની પણ કરશે.

મહાકુંભ દરમિયાન સ્વાસ્થ્ય દેખરેખના પ્રયાસના ભાગરૂપે નેત્ર કુંભની પહેલ કરવામાં આવી છે. આ પહેલના માધ્યમથી પ્રજ્ઞાચક્ષુ લોક માટે વિશેષ વયવસ્થા કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ ANAND BHAI)

# WEATHER

દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના કેટલાક ભાગમાં આજે સામાન્ય વરસાદ વરસ્યો હતો, જેના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. આ સાથે જ દ્રશ્યતા સારી રહી હતી. હવામાન વિભાગે શહેરના કેટલાક ભાગમાં આજે બપોર સુધીમાં વરસાદની પણ આગાહી કરી છે.

વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામણિએ આકાશવાણી સાથેની વાતચીત દરમિયાન વધુ માહિતી આપી હતી.

## (BYTE:વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામણિ)

# CHHATTISGARH-BLAST

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં IED વિસ્ફોટમાં કેન્દ્રીય અનામત પોલીસદળ-CRPFના બે જવાન ઇજાગ્રસ્ત થયા છે. સુરક્ષા દળોની સંયુક્ત ટુકડી આ વિસ્તારમાં નિયંત્રણ કામગીરી કરી રહી હતી ત્યારે આ વિસ્ફોટ થયો હતો.